૫૬૦૨

જૈન ભક્તિ કાવ્ય

અને

મુનીરાજ શ્રી મોહનલાલજીનું

ટુંક જીવન ચરિત્ર.

જૈન ગ્રહસ્થોને સારૂ.

પ્રગટ કર્તા.

"THE JAIN JOINED CLUB"

ધી જૈન જોઈન્ડ ક્લબ શુરત

(સુબોધક, જ્ઞાન વર્ધક અને વિદ્યા સંચયક)
મંડળી.

ખોદાબક્ષ પ્રેસમાં છાપ્યા- સુરત નાણાવટ

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪

૫૬૦૨

(૩)

“ સુરત ધી જૈન જોઇન્ડ કલબ” કૃત્ય

જૈન ભક્તિ કાવ્ય.

પાર્શ્વનાથનું સ્તવન.

(દક્ષણી રાહ)

ચેન ના પડે, પ્રભુ દર્શ વિના રે ॥ ટેક ॥
પ્રભુ દર્શ, થતાં ત્યાં, કરી સ્પષ્ટ, પામું હર્ષ;
ચિતમાં અતિ અરે ॥૧॥ ચેન
પલ પ્રભુ વિના, યુગસમી લાગે રે;
લાગે લાય, દીલમાંય, નહી ખમાય, શું થાય;
માટે દર્શ દે હવે ॥૨॥ ચેન
શ્રી જૈન જોઇન્ડ કલબ કહે તું તાર પ્રભુ હવે સુને;
પ્રભુ પાસ, આવ્યો ખાસ, દર્શ આસ તુમ દાસ;
માટે તું ઉગાર હવે ॥૩॥ ચેન

શ્રી મોહનલાલજીની પધરામણીની સ્તુતી.

લાવણી.

સૂર્યપૂરના જૈનો સહુ ધન્ય વદોરે
આવ્યા મોહનલાલજી સાત શીષ્યોની જોડે,
વીક્રમ સંવત ઓગણીસે પચાસની સાલે
વૈશાખ શુદી સાતમને શુક્રવારે—૧
સાંજ વખતે સુરતના સંઘને દર્શન દીધાં
સર્વે ભાઈ ઉમંગથી મુનીનાં દર્શન કીધાં.
સરશેઠો શાહપંચ ઘણાક પૈસા ખરચી
મુનીની વિધતા આખા શેહેરમાં ચરચી—૨
સૂર્યપૂરના જૈનો જ્ઞાન મુનીના તરસ્યા
સામૈયા કરે બહુ એક એકથી સરસા
સુરત "ધી જૈન ફ્રેન્ડ ક્લબ" હરખે ગાએ
જય જયજય જય જયં જય જય શબ્દ થાએ—૩

મુનીરાજ શ્રી મોહનલાલજીનું ટુંક જીવન ચરિત્ર.

રાગ (શ્રી જગતપતી)

મોહનમુની ચરિત્ર. તમે શાંભળો સઉ મીત્ર.
નિત્ય પ્રીત ચીત ધરી થાવાને પવિત્ર. મોહન–ટેક.
આધ્ય રહીસ નાગોરની વાસી આથા કને ચાંદપુર
બ્રાહ્મણ કુળે જનમ્યા મુનીજી કીધા કર્મ ચકચુર
મોહન: ૧॥
ધન્ય જન્મ મુનીરાજજીનો ધન્ય ધન્ય અવતાર–
સાલ અઢાડસે સત્યાશીમાં થયો જન્મ જયકાર.
મોહન૦૨॥
બદારમલજી પીતા જેહના માતા સુંદર નામ
નાની વયમાં માબાપે મુકીને સ્વર્ગે કીધો મુકામ૦
મોહન૦૩॥

બાળપણામાં વિદ્યા શીખથી કીધો રૂડો અભ્યાસ
સંસ્કૃત પ્રાકૃત માંગધી ગુજરાતી હિંદ ભાષા ખાસ
મોહન૦ ૪॥

સોળ વરસની નાની ઉમરમાં જતી થયા મુનીરાજ
મક્ષીજીમાં રૂપચંદજી પાશે દીક્ષાલીધી માહારાજ
મોહન૦ ૫॥

ઓગણીસે સતાવીસ માંહે થયા સાધુ મુનીરાજ
પંચ મહાવ્રત ધારણ કરીને કીધા રૂડા કાજ
મોહન૦ ૬॥

કલકત્તામાં સંભવનાથજી ચૈત્ય રૂડું મનોહાર
ત્યાં આગળ સાધુપદ પામી કીધો સફળ અવતાર
મોહન૦ ૭॥

ભુલ ચુકની માફી માંગે સંઘ સમસ્તની પાસ
ધી જૈન જોઈન્ક કલબ અરજ કરે છે બે કર૦
જોડી દાસ મોહન૦ ૮॥

ગરબો.

(મોહોલે પધારો મહારાજ) એ રાગ.

ગુણવંત મુની મહારાજ, મોહનલાલ ભલે પધાર્યા.
લાગે ખુશી દીન આજ, મોહનલાલ ભલે પધાર્યા.

॥ શાખી ॥

॥ પાલી તાણેથી આવીયા, પગ રસ્તેતો જાણ;
સાત શીષ્યોને લાવીયા, થયું જૈનોને જાણ.
બહુ હરખે નરનેનાર, મોહનલાલ ભલે પધાર્યા.
ભાવે ભેટ્યું મુનીરાજ, મોહનલાલ ભલે પધાર્યા.

॥ શાખી ॥

॥ ભુલ ચુક ક્ષમા કરી, દેશો ન દોષ લગાર,
જૈન જોઇન્ડ ક્લબ ગાએ હર્ષથી, અલ્પમતીથીસાર.
દાસ્યલમ કરે અંતઃપુટ, મોહનલાલ ભલે પધાર્યા
નરોતમ કેરા છું સુત, મોહનલાલ ભલે પધાર્યા,

સમાપ્ત.

જાહેર ખબર.

જરૂર વાંચો થોડીજ બાકી છે.

" ધણી ધણીઆણીનો વીયોગ"

કી. ૪ આના.

પદમણી ભાગ ૧. કી. ૩ આના.

પદમણી ભાગ ૨. છપાયછે કી. ( )

ગુલાબદાસ દયારામ મહેતા.

નાણાવટ - સુરત.